ગાંધીનગર અને ભાવનગરથી પ્રસિધ્ધ થતુ દૈનિક

# લોક સંસાર

LOK SANSAR

• વર્ષ : ૬ • તા.૧૯-૦૭-૨૦૧૪ • શનિવાર GANDHINAGAR • અંક ૧૨૮ • પાના : ૮ • કિંમત રૂા.૨.૦૦



# બીબીએ કોલેજ ગાંધીનગર દ્વારા સેમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર્નશીપનું આયોજન

ગાંધીનગર,તા.૧૮ તા.૧૮-૦૭-૨૦૧૪ના રોજ બી.પી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશન દ્વારા સેમેસ્ટર -૬ના વિદ્યાર્થીઓને ઈન્ટર્નશીપ ટ્રેઈનીંગ આપવા તેમજ પ્રેક્ટિકલ કોર્પોરેટ લાઈફમાં પ્રવેશ કરવાનાં હેતુથી ડી.એન.એ., અમદાવાદની ટીમને આમંત્રીત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતી તેમજ બહોળો વાચકવર્ગ ધરાવતુ ડી.એન.એ. ગૃપ કોલેજમાં આવતાની સાથે જ તમામ વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. ડીએનએ ટીમના સભ્યોએ વિદ્યાર્થીઓને કાર્ય તેમજ તેના ભિન્ન પાસાની વિસ્તૃત છણાવટ કરતું પ્રેઝન્ટેશન આપ્યું હતું તેમજ સેમેસ્ટર-૬નાં વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા

અનુસંધાન પાના નં.૬ ઉપર

છેલ્લા પાનાનું શરૂ

## બીબીએ કોલેજ

હતા. કુલ ૧૧૭ સેમેસ્ટર-૬નાં વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવાયા હતા. જેમાંથી તમામ વિદ્યાર્થીઓ ફાઈનલ રાઉન્ડમાં અંતે પસંદગી પામ્યા હતા. પસંદગી પામેલ દરેક વિદ્યાર્થીને આવતી કાલથી ઈન્ટર્નશીપ ટ્રેઈનીંગ આપવામાં આવશે તેમજ માસીક રૂા. ૮૦૦૦ ઉપરાંત ઈન્સેન્ટીવની રકમ સ્ટાઈપન્ડ તરીકે ચુકવવામાં આવશે. કોલેજ તરફથી સિનીયર ફેકલ્ટી મેમ્બર ડૉ.જયેશ તન્ના, પ્રો.માર્ગી દેસાઈ, પ્રો. આશીષ ભુવ એ આ કાર્યક્રમની સફળતા માટે કામગીરી સફળતા પૂર્વક નિભાવી હતી. આગામી દિવસોમાં પણ આ પ્રકારના કાર્યક્રમો નિયમીત યોજાશે તેવુ કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટીની યાદી જણાવાયું છે.